ભરૂચમાં ઈદગાહ પાસે પાણીની ટાંકી માટે જમીન ફાળવાતાં વિવાદ

ઈદગાહ વકફ ટ્રસ્ટે 1875ના રેકોર્ડ ટાંકી કલેક્ટરને આવેદન પાઠવ્યું

જમીન ફાળવણીનો હુકમ રદ કરવા મુસ્લિમ સમાજની માંગ

ભરૂચ: ભરૂચના વેજલપુર બંબાખાના વિસ્તારમાં ઊંચી પાણીની ટાંકી તથા પંપ રૂમના બાંધકામ માટે નગરપાલિકાને ફાળવાયેલી જમીન મામલે મોટો વિવાદ ઊભો થયો છે. આ જમીન ઈદગાહની હોવાનો દાવો કરી ઈદગાહ વકફ ટ્રસ્ટ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓએ મોટી સંખ્યામાં એકત્ર થઈ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે, જેમાં જમીન ફાળવણીનો હુકમ તાત્કાલિક રદ કરવાની માંગ કરવામાં આવી છે. રજૂઆત મુજબ શહેરના વોર્ડ નં.5માં સી.એસ. નં.1506 હેઠળ આવેલી અંદાજે 2977 ચો.મી. જમીન પાલિકાને ફાળવવા કલેક્ટર કચેરીએ હુકમ કર્યો છે. જે પેટે જમીનની કિંમતના 10 ટકા લેખે રૂ.38,70,100 ભરપાઈ કરી આગોતરો કબજો સોંપવાની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે.

જો કે, મુસ્લિમ સમાજે આ પ્રક્રિયાનો સખત વિરોધ કરતા જણાવ્યું છે કે, ઐતિહાસિક રેકોર્ડ મુજબ વર્ષ-1875 પૂર્વેથી આ જમીનનો ઉપયોગ કબ્રસ્તાન તરીકે થઈ રહ્યો છે અને વર્ષ 1975-76ના રિવિઝન સરવે બાદ પણ સરકારી દફ્તરે આ જમીન કબ્રસ્તાન તરીકે જ નોંધાયેલી છે. મહેસૂલી કાયદા મુજબ કબ્રસ્તાન કે સ્મશાનની જમીન અન્ય હેતુ માટે ફાળવી શકાતી નથી તેવો દાવો પણ કરવામાં આવ્યો છે. હાલ આ જમીનનો વહીવટ ઈદગાહ વકફ ટ્રસ્ટ સંભાળે છે અને અહીં હજારો શ્રદ્ધાળુઓ ઈદની નમાજ તેમજ જનાજાની નમાજ અદા કરતા હોય છે. આ ઉપરાંત આ સ્થળનો ઉપયોગ પાર્કિંગ અને અન્ય ધાર્મિક પ્રસંગો માટે પણ થાય છે. આસપાસ 18 જેટલાં કબ્રસ્તાનો આવેલાં છે અને નજીકમાં જ કલેક્ટર અને એસ.પી. કચેરી જેવા મહત્ત્વનાં સ્થળો હોવાથી અહીં બાંધકામ કરવાથી ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

જમીન ચેરીટી કમિશનર અને વકફ બોર્ડમાં નોંધાયેલી હોવા છતાં અગાઉના વાંધાઓને ધ્યાને ન લેવાતા હવે મુસ્લિમ સમાજે આ મામલે હાઈકોર્ટમાં કાનૂની લડત લડવાની ચીમકી ઉચ્ચારી છે. શહેરના શાંતિપૂર્ણ વાતાવરણને જાળવી રાખવા આ ફાળવણી રદ કરવામાં આવે તેવી માંગણી હાલ જોર પકડી રહી છે.

વિરપોર કોલેજ ખાતે મંજૂર થયેલી લાઈબ્રેરી રદ કરાતાં વિરોધ

વાલોડ: વાલોડના વિરપોર ખાતે આવેલ કોલેજ પાસે મંજૂર થયેલી લાઈબ્રેરીને તંત્ર દ્વારા રદ કરવાનો હુકમ કરવામાં આવતાં કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓમાં નારાજગી સાથે તંત્ર પ્રત્યે રોષ ફેલાયો છે. લાઈબ્રેરીને કોલેજમાં અગાઉથી નિર્ધારીત સ્થળે જ બનાવવાની માંગ સાથે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગતરોજ તાપી કલેક્ટર ડો.વિપિન ગર્ગ અને જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. તેમજ રાજકીય દ્વેષભાવ રાખી લાઈબ્રેરીને રદ કરાવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જે-તે વિરપોર ગામે રેતી કંકરની ગ્રાન્ટમાંથી જિલ્લા પંચાયતનાં સભ્ય તૃપ્તિ પટેલ દ્વારા લાઈબ્રેરી બનાવવા માટે સૂચન કરવામાં આવ્યું હતું. જે અંગે કામ મંજૂર થતાં ગામનો ઠરાવ અને સાઈટ પ્લાન પણ રજૂ કરવામાં આવ્યો હતો. 60 લાખના ખર્ચે લાઈબ્રેરીની વહીવટી મંજૂરીને તંત્ર દ્વારા એકેએક રદ કરી દેવામાં આવતાં વિરોધ ઊઠ્યો છે.

હીરાપોર-બાંડાબેડા પુલ પર હાઈટેન્શન લાઈનનો ખતરો

બે મહિના પહેલા સંકલનમાં આપેલી સૂચનાનો હજુ અમલ થયો નથી

ભરૂચ: વાલિયાના હિરાપોર-બાંડાબેડા પુલ પરથી જતાં વાહનોને હાઈટેન્શન વીજ લાઈન અડવાની ભીતિ વચ્ચે બે સરકારી વિભાગોમાં વિવાદ સર્જાયો છે. આ રોડ પરથી શેરડીનાં વાહનો પસાર થતા હાઈટેન્શન લાઈન અડે તો આખી ટ્રક બળીને ભસ્મીભૂત થવાની શક્યતા દેખાઈ રહી છે. જેને લઈને ઝઘડિયાના MLAએ બે મહિના હિરાપોર-બાંડાબેડા પુલના હાઈ ટેન્શન લાઈનનો મુદ્દો સંકલન સમિતિમાં ઉછાળ્યો હતો, જેમાં કલેક્ટરે વીજ કંપની (GETCO)ને જવાબદારી સોંપી તાત્કાલિક નિરાકરણની સૂચના આપી હતી. છતાં હજુ સુધી આ કામગીરી ન થતાં સ્થાનિક લોકો અને ખેડૂતો રઘવાયા બન્યા છે.

વાલિયા તાલુકાના હિરાપોર-બાંડાબેડા પુલ ભલે હમણા નવો બન્યો હોય પણ હજુ બે વિભાગોમાં વિવાદોમાં વમળ ચાલી રહ્યો છે. આ રોડ નવો પુલ સાથે એપ્રોચ રોડ પણ બન્યો હતો. પણ કમનસીબે GETCO દ્વારા કઠિત હાઈટેન્શન લાઈન નવા પુલના થોડા ઉપરથી પસાર થાય છે. જો શેરડીના કે અન્ય મોટાં વાહનો પસાર થાય તો જીવંત વીજતાર અડી જાય તો મોટી દુર્ઘટના સર્જાય એવા સંજોગો છે.

આ બાબતે ઝઘડિયાના ધારાસભ્ય રીતેશ વસાવાએ ખેડૂતો તરફે રહી બે મહિના પહેલા બાંડાબેડાનો મુદ્દો સંકલનમાં ઉઠાવ્યો હતો, જેમાં વીજ કંપનીએ આ હાઈટેન્શન લાઈન માટે લગભગ 50 લાખ રૂપિયા PWD વિભાગે ભરવાની વાત કહી હતી. આ વિવાદને લઈ હાઈ ટેન્શન લઈને લાંબો વિવાદ ચાલ્યો હતો.

જેથી સંકલનમાં કલેક્ટરે આખરે જણાવ્યું કે, વીજ કંપની (GETCO)ને જવાબદારી સોંપીને તાત્કાલિક તેનો નિરાકરણ લાવવા સૂચના આપી હતી. છતાં પણ દુર્ભાગ્યવશ હજુ સુધી કોઈ કામગીરી થઇ નથી. જો કે, આ મુદ્દે હાલમાં પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદીપ માંગરોલાએ બાંડાબેડા હાઈ ટેન્શન લાઈન હલ કરવા રાજ્યના મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી છે. આ બાબતે GETCO સૂત્રો દ્વારા મળતી માહિતી હતી કે આ મુદ્દો સંકલનમાં પુછાયો છે. જે ઉચ્ચ સ્તરે તેના નિરાકરણ લાવવા માટે પ્રોસેસમાં છે.

સંક્ષિપ્ત સમાચાર

કીમની શ્રી વશિષ્ઠ ઇન્ટરનેશનલ સ્કૂલમાં માતૃ-પિતૃ વંદન કાર્યક્રમ યોજાયો

કીમ: ઓલપાડના કીમ ખાતે આવેલ શ્રી વશિષ્ઠ ઇન્ટરનેશનલ સ્કૂલમાં શનિવારે માતૃ-પિતૃ વંદન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આજની નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ સાથે જોડીને માતા-પિતાના ત્યાગ, મહેનત અને તેમના અમૂલ્ય યોગદાનનું મહત્ત્વ સમજાવવાનો હતો. શાળાના સંચાલક તેજેન્દ્રભાઈ સાવલિયાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમની શરૂઆત બ્રાહ્મણો દ્વારા વેદઘોષ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અવનવી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સાથે પુલવામા શહીદ થયેલા વીર જવાનોને યાદ કરીને 2 મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આમંત્રિત વક્તા ચાપરાજભાઈ જેબલિયા દ્વારા માતા-પિતાનું જીવનમાં મહત્ત્વ સમજાવાયું હતું.

બારડોલીનાં શિવાલયોમાં શિવલિંગ પર કલાત્મક 'ઘીના કમળ'નો શણગાર કરાયો

બારડોલી: સમગ્ર દેશ સહિત બારડોલી પંથકમાં મહાશિવરાત્રિના પર્વની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે બારડોલીના સુપ્રસિદ્ધ કેદારેશ્વર મહાદેવ મંદિર, જ્ઞાનેશ્વર મહાદેવ મંદિર, જાગનાથ મહાદેવ મંદિર તેમજ જલારામ મંદિર અને અંબિકાનિકેતન મંદિરમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મહાશિવરાત્રિની રાત્રે 12 વાગતાની સાથે જ આ તમામ મંદિરોમાં શિવજીને શુદ્ધ ઘીમાંથી બનાવેલા અત્યંત આકર્ષક અને કલાત્મક કમળ અર્પણ કરવામાં આવ્યાં હતાં. મધ્યરાત્રિએ થયેલા આ દિવ્ય શણગારને જોવા માટે શ્રદ્ધાળુઓનું કીડિયારું ઉભરાયું હતું.

બારડોલી લેઉવા પાટીદાર સમાજનો સન્માન સમારોહ યોજાશે

બારડોલી: સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજ, બારડોલી દ્વારા સામાજિક મૂલ્યોને જાળવી રાખવા અને વડીલો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે એક અભૂતપૂર્વ નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રસ્ટના પ્રમુખ જયંતીભાઈ પટેલ, સમાજના પ્રમુખ મુકેશભાઈ પટેલ અને ઉપપ્રમુખ કિરીટભાઈ પટેલ સહિતની સમગ્ર કારોબારી ટીમ દ્વારા લેવાયેલા આ નિર્ણય અંતર્ગત, જે દંપતીઓએ પોતાના દાંમ્પત્ય જીવનના સફળ ૫૦ વર્ષ પૂર્ણ કર્યા કે તેથી વધુ વર્ષનું દામ્પત્ય જીવન હોય તેવા પૂજનીય દંપતીઓના સન્માન અને સત્કાર માટે લક્ષ્મીનારાયણ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક પ્રસંગ આગામી ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ને બુધવારે ઉજવવામાં આવશે. આ માંગલિક પ્રસંગનું આયોજન બારડોલી સ્થિત સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજના 'રામ રતન ભવન સાંસ્કૃતિક સંસ્કાર ક્ષેત્ર', ધુલિયા રોડ ખાતે રાખવામાં આવ્યું છે.

'મારી સામે કેમ આંખો કાઢો છો?' કહી અવિધા ગામે પિતા-પુત્ર પર હુમલો

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયાના અવિધા ગામે રહેતા 65 વર્ષીય યશવંતભાઈ મનોરભાઈ દોશી 15મી ફેબ્રુઆરીએ સવારે 7:30 વાગ્યાના અરસામાં પોતાના ઘરની બહાર કચરો વાળી રહ્યા હતા. એ સમયે તેમના પાડોશી રીતેશ સોમાભાઈ પટેલ તેમની સામે એકીટશે જોઈ રહ્યા હોવાથી યશવંતભાઈએ 'મારી સામે કેમ આંખો કાઢો છો?' તેમ પૂછતા રીતેશભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી દીધી હતી. પિતા સાથે થતી મારામારી જોઈ તેમનો પુત્ર આશિષભાઈ છોડાવવા વચ્ચે પડતા રીતેશભાઈના પિતા સોમાભાઈ અને પત્ની કોમલબેન લાકડીઓ લઈને દોડી આવ્યાં હતાં. આ હુમલામાં આરોપીઓએ આશિષને કમર અને હાથના ભાગે લાકડીના ફટકા માર્યા હતા, જ્યારે વૃદ્ધ યશવંતભાઈને માથામાં લાકડી વાગતાં લોહીલુહાણ હાલતમાં સારવાર માટે પ્રથમ અવિધા સરકારી દવાખાને અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના અંગે રાજપારડી પોલીસે યશવંતભાઈની ફરિયાદના આધારે હુમલાખોર રીતેશ પટેલ, સોમાભાઈ પટેલ અને કોમલબેન પટેલ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

કડોદમાં શિવજીને ઘીનું કમળ ચઢાવાયું

કડોદ: કડોદ ખાતે તાપી નદીના કિનારે આવેલા મનકામેશ્વર મહાદેવના મંદિર ખાતે મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા ઊમટ્યા હતા. રાત્રે ૧૨ વાગ્યે ઘીનું કમળ ચઢાવવામાં આવ્યું હતું.

સાગનાં લાકડાંના સોદામાં રૂ.20.17 લાખની છેતરપિંડી

માયપુરની ઘટના, વેપારીએ ફરિયાદ આપતાં ત્રણેય શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાયો

વ્યારા: માયપુરમાં સાગના લાકડાના વેપારમાં ઊંચા નફાની લાલચ આપી સુરતના એક વેપારી સાથે 20.17 લાખની છેતરપિંડી થઈ હતી. મૂળ ભાવનગરના અને હાલ સુરતના કઠોર વિસ્તારમાં રહેતા રેતીના વેપારી સુલેહખાન અશરફખાન પઠાણે વ્યારા પોલીસ મથકે આ અંગે ફરિયાદ નોંધાવી છે.

વર્ષ-2023માં સુલેહખાન તેમના મિત્ર ઈમરાન મારફતે વ્યારાના રૂબેજ અને અતુલ નામના શખ્સોના સંપર્કમાં આવ્યા હતા. આ બંને શખ્સોએ માયપુર ગામના બ્લૉક નં.245વાળી જમીનમાંથી 903 જેટલાં સાગનાં લાકડાંનો કોન્ટ્રાક્ટ હોવાનું જણાવી, તેમાં રોકાણ કરવાથી અંદાજે 40થી 45 લાખનો નફો થશે તેવી લાલચ આપી હતી. આ સોદામાં નફા-નુકસાનમાં 50 ટકાની ભાગીદારી નક્કી કરી 22.51 લાખમાં સાગનાં લાકડાંનો વેચાણ કરાર વકીલ મારફતે કરવામાં આવ્યો હતો. ફરિયાદીએ વિશ્વાસમાં આવી અલગ-અલગ સમયે કુલ 20,10,000 ચૂકવ્યા હતા, જ્યારે બાકીના 2,41,000 માલના વેચાણ સમયે મૂળ ખેડૂત આશીષભાઈને ચૂકવવાનું નક્કી થયું હતું. વેપારીએ વર્ષ-2025 સુધી લાકડાનો જથ્થો સ્થળ પર જ રાખ્યો હતો અને જંગલ ખાતામાંથી પાસ કઢાવી બે ટ્રક માલ વેચ્યો પણ હતો. જો કે, બાદમાં જાણવા મળ્યું કે રૂબેજ અને અતુલ નામના શખ્સોએ આ જ લાકડાંના જથ્થા માટે માંડવીના અન્ય વેપારી ઈબ્રાહીમ હમીદ મોતીવાલા સાથે પણ કરાર કરી લીધો હતો. વારંવાર ફોન કરવા છતાં યોગ્ય જવાબ ન મળતાં છેતરપિંડીનો અહેસાસ થતાં સુલેહખાને વ્યારા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રૂબેજ નુર મહંમદ જત મલેક (રહે.,ઢોંગીઆંબા, તા.વ્યારા), અતુલ સિકંદર જત મલેક (રહે.,જમાદાર ફળિયું, સોનગઢ), ઈબ્રાહીમ હમીદ મોતીવાલા (રહે.,માંડવી) સામે વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મેદાનના કામમાં કોન્ટ્રાક્ટરની રમત, ટીડીઓને ફરિયાદ

દેગામાના સ્થાનિકોને રોજગારી મુજબ કામ પણ ન મળ્યું

વાલોડ: વાલોડના દેગામા ગામે પ્લે ગ્રાઉન્ડ માટે ફાળવવામાં આવેલી રકમ મુજબ કામગીરી ન કરી અધૂરું કામ કરવામાં આવ્યું હોય તેમજ ગામના લોકોને ગ્રામીણ રોજગારી યોજના મુજબ કામ ન આપતાં સ્થાનિકોએ વાલોડ ટી.ડી.ઓ.ને લેખિત અરજી કરી યોગ્ય તપાસની માંગ કરતાં ચકચાર મચી ગઈ છે.

વાલોડના દેગામા ગામમાં વર્ષ 2024-25 દરમ્યાન પ્લે ગ્રાઉન્ડ માટે રૂ.5,99,236 જેટલી રકમ ફાળવવામાં આવી હતી. જેથી ગામના યુવાનો આ ગ્રાઉન્ડ ઉપયોગ કરી શકે. પરંતુ જે એજન્સીને આ કામ સોંપવામાં આવ્યું હતું તેમણે મંજૂર થયેલ ગ્રાંટમાંથી માત્ર 2,62,033નો એટલે કે માત્ર અડધી રકમનો જ ઉપયોગ કર્યો હતો અને કામગીરી અધૂરી રાખવામાં આવી હતી. જેથી બાળકો આ પ્લે ગ્રાઉન્ડથી વંચિત રહ્યા છે. એટલું જ નહીં ગામના લોકોને રોજગારી મળી રહે એ હેતુથી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ યોજના-2005 અધિનિયમનો પણ ભંગ કરવામાં આવ્યો છે. સ્થાનિકોને રોજગારી ન આપી જેસીબી મશીનથી કામ કરાવી તેનો ભંગ કરવામાં આવતાં સ્થાનિક જાગૃત યુવાનોએ આ ઘટનાને પગલે વાલોડ ટી.ડી.ઓ.ને લેખિત ફરિયાદ કરી કસૂરવારો સામે યોગ્ય પગલાં લેવાની માંગ કરતાં ચકચાર મચી ગઈ છે.

વાંકાનેડામાં અજાણ્યા ટેમ્પોની ટક્કરે બાઈક સવારનું મોત, એક ગંભીર

પલસાણા: વાંકાનેડાના હળપતિવાસમાં રહેતા દીપકભાઈ ધીરુભાઈ રાઠોડ (ઉં.વ.૩૬) અને કુણાલભાઈ જગદીશભાઈ નાયકા (ઉં.વ.૨૮) ગત રાત્રે મામાદેવ મંદિર ખાતે આયોજિત ડાયરામાંથી બાઈક નં.(GJ-19-BM-6067) પર ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન વાંકાનેડા હળપતિવાસ પાસે આવેલી નાસ્તાની લારી નજીક એક અજાણ્યા ટેમ્પો ચાલકે બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં દીપકભાઈને માથાના ભાગે ગંભીર ઈજા અને પગમાં ફ્રેક્ચર થયું હતું. તેમને તાત્કાલિક સંજીવની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ કુણાલભાઈને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

નાંદોદના નરખડી ગામે યુવક ઉપર પિતા-પુત્રનો હુમલો

ગાડી પરથી બરણી પડી જતાં ઉઠાવી આપવા વિનંતી કરી તો ઝઘડો થયો

રાજપીપળા: નાંદોદના નરખડી ગામે દૂધની બરણી ઉઠાવવા જેવી નજીવી બાબતને લઈ બે શખ્સે એક મજૂર યુવક પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે. પિતા-પુત્રએ ભેગા મળી યુવકને મારતાં યુવકને કપાળના ભાગે ચાર ટાંકા આવ્યા છે. અંતે મામલો રાજપીપળા પોલીસ મથકે પહોંચ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદના નરખડી ગામના રહેવાસી સુરેશભાઈ છોટુભાઈ વસાવા (ઉ.વ.૪૦) મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, તેમણે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતેથી પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ગત સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં સુરેશભાઈ ગામમાં દૂધ ભરવાની બરણી લેવા ગયા હતા. પરત ફરતી વખતે ગામના ભાગોળે તેમની મોટરસાઈકલ પરથી બરણી નીચે પડી ગઈ હતી. તે સમયે ત્યાં હાજર વિષ્ણુભાઈ દેવજીભાઈ વસાવાને સુરેશભાઈએ બરણી ઊંચકી આપવા વિનંતી કરી હતી.

આથી વિષ્ણુભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને "હું તારો નોકર નથી, અગાઉ પણ તેં મારી સાથે બોલાચાલી કરી હતી તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. દરમિયાન તેમનો પુત્ર તુષાર પણ ત્યાં આવી પહોંચ્યો હતો. બંનેએ જૂની અદાવતને યાદ કરી સુરેશભાઈને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. જ્યારે સુરેશભાઈએ ગાળો બોલવાની ના પાડી, ત્યારે તુષારે તેમને પકડી રાખ્યા હતા અને વિષ્ણુભાઈએ ગડદાપાટુનો માર માર્યો હતો. ઝપાઝપી દરમિયાન કપાળના ભાગે ગંભીર ઈજા થતાં સુરેશભાઈ લોહીલુહાણ હાલતમાં નીચે પડી ગયા હતા. હુમલાખોરો તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

ઘટના બાદ ઈજાગ્રસ્તના મોટાભાઈ ધર્મેશભાઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હતી. સુરેશભાઈને તાત્કાલિક રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની ડાબી આંખની ઉપરના ભાગે ચાર ટાંકા આવ્યા છે. હાલમાં તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસે આ મામલે પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તિલકવાડા પાસે બાઇક અડફેટે વૃદ્ધનું મોત

બાઈક ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ

રાજપીપળા: ગોલાતલાવડી ગામે રહેતા વૃદ્ધનું રસ્તો ક્રોસ કરતી વેળા માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું છે.

તિલકવાડાના ગોલાતલાવડી ગામે રહેતા ૬૧ વર્ષીય વૃદ્ધ મંગુભાઈ ઝવેરભાઈ બારીયા ગત તારીખ ૨૯/૦૧/૨૦૨૬ના રોજ સાંજના આશરે પોણા આઠ વાગ્યાના સુમારે પોતાના ઘર પાસે આવેલો તિલકવાડા-દેવલીયા હાઈવે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે સમયે તિલકવાડા તરફથી પૂરપાટ ઝડપે આવતી મોટરસાઈકલ નં.(GJ 34 AA 5012)ના ચાલક દેવાંશુકુમાર જતનભાઈ રાઠવા(રહે., વડોદરા)એ તેમને જોરદાર ટક્કર મારી હતી. આ બનાવમાં મંગુભાઈ રોડ પર ફંગોળાતા તેમને માથા તેમજ પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક તિલકવાડા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વડોદરાની સંજીવની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તા.3/2/૨૦૨૬ સુધી સારવાર લીધા બાદ તેમને રજા આપવામાં આવી હતી. જો કે, ગંભીર ઈજાઓને કારણે તેઓ પથારીવશ હતા.

દરમિયાન અચાનક તેમની તબિયત લથડતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પરિવારજનો સારવારમાં વ્યસ્ત હોવાથી ફરિયાદ મોડી નોંધાઈ હોવાનું જણાવાયું છે. તિલકવાડા પોલીસે અકસ્માત સર્જનાર દેવાંશુકુમાર રાઠવા વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

અંકલેશ્વર પાલિકાના કારોબારી અધ્યક્ષનાં અંતિમસંસ્કાર કરાયાં

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરના અડોલ ગામ પાસે શનિવારે સાંજે થયેલા માર્ગ અકસ્માતમાં અંકલેશ્વર નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ નિલેશભાઈ રમણભાઈ પટેલ (ઉં.વ.46)નું દુખદ અવસાન થયું હતું. સોમવારે તેમના વતન મોટવાણ ગામ ખાતેથી અંતિમ યાત્રા નીકળી હતી, તેમની બંને દીકરીએ પિતાને મુખાગ્નિ આપ્યો હતો, જે દૃશ્યથી હાજર રહેલા સૌની આંખો ભીની થઈ ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નિલેશ પટેલ અંકલેશ્વર નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા હતા અને શહેરના જાહેર જીવનમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા હતા. તેમના અચાનક અવસાનથી રાજકીય તથા સામાજિક ક્ષેત્રે શોકની લાગણી વ્યાપી છે.

પાલેજમાં ટ્રકમાંથી 16 ભેંસને બચાવાઈ

કતલખાને લઈ જવાતી હતી, 9.60 લાખના મુદ્દામાલ સાથે 3 ઝડપાયા

ભરૂચ: પાલેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન કતલખાને લઈ જવાતી 16 ભેંસો ભરેલી ટ્રક ઝડપી પાડવામાં આવી છે. પાલેજ પોલીસના કર્મચારીઓને બાતમી મળી હતી કે વલણ ગામથી એક અશોક લેલન ટ્રક નં.(GJ02-AT-1120)માં ભેંસો ભરીને મહારાષ્ટ્રના ધુલિયા માર્કેટ તરફ કતલ માટે લઈ જવામાં આવી રહી છે. બાતમીના આધારે પોલીસે વલણ ફાટક પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી મુજબની ટ્રક આવતા તેને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે ટ્રક હંકારી મૂકવાનો પ્રયાસ કર્યા બાદ અંતે તેને સાઈડ પર ઊભી રાખી હતી. પોલીસે પંચોની હાજરીમાં ટ્રકની તપાસ કરતા અંદર અત્યંત ક્રૂરતાપૂર્વક અને ટૂંકી દોરીથી બાંધેલી હાલતમાં ૧૬ ભેંસ મળી આવી હતી. આ મામલે પોલીસે ટ્રક ચાલક નાસીર અમીર સિંધી અને ક્લીનર શેરખાન ગુલામખાન સિંધી (બંને રહે.,રાજસ્થાન)ની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ ભેંસો કરજણના વલણ ગામના ફૈયાઝ મુનાફ લખોટીએ ભરાવી આપી હતી અને તેને ધુલિયા પહોંચાડવાની હતી. પોલીસે 16 ભેંસો જેની કિં.રૂ.2,40,000, ટ્રકની કિં. રૂ.7,00,000, બે મોબાઈલ કિં.રૂ.20,000 ફોન મળી કુલ રૂ.9,60,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલી તમામ ભેંસોને ભરૂચના પાંજરાપોળ ખાતે સુરક્ષિત ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસે ત્રણેય વિરુદ્ધ વિવિધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.